# ૨૪૦૦૦ કરોડના મૂડીરોકાણથી છત્તીસગઢમાં રોજગારીની તકો : મોદી

દાંતેવાડા,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે નક્સલવાદીના મોટા અડ્ડા તરીકે ગણાતા બસ્તરમાં નક્સલવાદી હિંસાનો મુદ્દો ઉઠાવ્યો હતો. પોતાની મેક ઈન ઈન્ડિયા પહેલને આગળ વધારતા મોદીએ પ્રદેશમાં ૨૪૦૦૦ કરોડના રોકાણની પ્રક્રિયાની શરૂઆત કરી દીધી હતી. સાથે સાથે એવું વચન પણ આપ્યું હતું કે, છત્તીસગઢમાં પણ રક્તપાત લાંબા સમય સુધી ચાલશે નહીં. રક્તપાતનો ચોક્કસપણે અંત આવશે. છત્તીસગઢના માઓવાદીગ્રસ્ત વિસ્તારોની મોદીએ મુલાકાત લીધી હતી અને કલાકોના ગાળામાં જ ૨૪૦૦૦ કરોડના એમઓયુ કરવામાં આવ્યા હતા. દાંતેવાડામાં વિશાળ રેલીને સંબોધતા મોદીએ ફરી એકવાર વિકાસનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, વિકાસ તમામ સમસ્યાઓને ઉકેલી શકે છે. વિકાસથી લોકો પ્રગતિ કરશે. રોજગારીની તકો વધશે. માઓવાદીઓને હિંસાના માર્ગને છોડી દેવા પણ મોદીએ અપીલ કરી હતી. મોદીની હાજરીમાં દિલમિલી ગામમાં અલ્ટ્રામેગા સ્ટીલ પ્લાન્ટ સ્થાપવા માટે એમઓયુ કરવામાં આવ્યા હતા જયારે રાવઘાટ-જગદલપુર રેલવે લાઈનના ૧૪૦



કિલોમીટરના બીજા તબક્કાને લંબાવવા માટે હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મોદીએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હિંસાનું કોઈ ભવિષ્ય નથી. પંજાબમાં આતંકવાદનો અંત આવી ગયો છે. નક્સલબારીમાં માઓવાદી હિંસાનો અંત આવી ગયો છે. છત્તીસગઢમાં પણ ટુંકાગાળામાં સમસ્યાનો અંત આવી જશે. પાંચ દિવસ હથિયાર મુકી દઈને થોડોક સમય હિંસાના કારણે માર્યા ગયેલા લોકોના પરિવાર સાથે સમય ગાળવા મોદીએ નક્સલીઓને કહ્યું હતું. ભાજપ સરકાર કેન્દ્ર અને રાજ્ય બંને જગ્યાએ છે અને તે બસ્તર પ્રદેશના સામાજિક આર્થિક વિકાસ માટે કટિબદ્ધ છે. આ બે પ્રોજેકટથી પ્રદેશનો ચહેરો બદલાઈ જશે. આ પ્રોજેકટથી હજારો યુવાનોને તેમના ઘરની નજીક રોજગારી મળશે. તેમના પરિવાર માટે સ્થિર આવક ઉભી કરી શકશે. યુપીએ સરકારના ગાળા દરમિયાન પોલીસી પેરાલિસીસનો મુદ્દો ઉઠાવનાર મિડિયાની વાત કરતા મોદીએ કોઈપણ પાર્ટી અને વ્યક્તિના નામનો ઉલ્લેખ કર્યા વગર કહ્યું હતું કે, અગાઉ પણ અહીં ખનીજ ભંડારોનો જથ્થો હતો. આજે પણ છે પરંતુ ધીમી નિર્ણય પ્રક્રિયાના કારણે માઠી અસર થઈ છે. પ્રદેશમાં ૨૪૦૦૦ કરોડના રોકાણને ઐતિહાસિક ગણાવતા મોદીએ કહ્યું હતું કે, મેગા સ્ટીલ પ્લાન્ટથી સ્વદેશીરીતે સ્ટીલ ઉત્પાદન થશે. અમને શા માટે કાચા સ્ટીલની નિકાસ કરીને સ્ટીલ આયાત કરવાની જરૂર હોવી જોઈએ. અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે નક્સલવાદીગ્રસ્ત દાંતેવાડામાં પહોંચ્યા હતા. જ્યાં તેઓએ વિવિધ કાર્યક્રમમાં હાજરી આપી હતી. દાંતેવાડામાં વિદ્યાર્થીઓ સાથે પણ વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે દેશના લોકો માટે કામ કરતી વેળા ક્યારેય થાકનો અનુભવ થતો નથી. તેમણે કહ્યું હતું કે લાઈફને સફળતા અને નિષ્ફળતાના આધારે ગણવી જોઈએ નહી. લોકો માચે કામ કરવાની ખુશી હમેંશા રહે છે. મોદીએ એક વિદ્યાર્થી દ્વારા કરવામા આવેલા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે કેટલા કલાક સુધી કામ કરવામાં આવે તે અંગે ક્યારેય ગણતરી કરી નથી. છત્તિસગઢમાં એજ્યુકેશન સિટી ખાતે મોદીએ વિદ્યાર્થીઓ સાથે વાત કરતી વેળા મહત્વની વાત કરી હતી. મોદીની સાથે કાર્યક્રમમાં છત્તિસગઢના મુખ્યપ્રધાન પણ રહ્યા હતા. મોદીએ આજે સામાજિક આર્થિક વિકાસ માટે લેવામાં આવેલા વિવિધ પગલાઓની સમીક્ષા કરી હતી. વડાપ્રધાને એજ્યુકેશન સીટીની મુલાકાત લીધી હતી. ગુણવત્તાવાળા શિક્ષણની સુવિધા આપી દર વર્ષે પ્રદેશના ૫૦૦૦ સૌથી વંચિત બાળકોને આવરી લેવાની યોજના પણ તૈયાર કરવામાં આવી છે. મોદી લાઈવલીહુડ કોલેજની મુલાકાતે પહોંચ્યા હતા. જે દાંતેવાડા પ્રદેશમાં રહેતા યુવાનોને જરૂરી કુશળતાની ટ્રેનિંગ આપે છે. રોજગારની તક તેમને મળે તેનો હેતુ રહેલો છે. છત્તીસગઢના નક્સલવાદીગ્રસ્ત દાંતેવાડામાં ખનીજ સંશાધનોનો જંગી જથ્થો પડેલો છે પરંતુ નક્સલવાદી હુમલાના કારણે આને માઠી અસર થયેલી અલ્ટ્રા મેગ સ્ટીલ પ્લાન્ટ સ્થાપવા માટે સમજૂતિ પણ કરવામાં આવી ચુકી છે.

## નરેન્દ્ર મોદીએ શું કહ્યું......

દાંતેવાડા, તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નક્સલવાદી હિંસા માટે વોરઝોન ગણાતા બસ્તરમાં પહોંચીને લોકો સાથે વાતચીત કરી હતી. સાથે સાથે રક્તપાતનો અંત લાવવા લોકોને સૂચન કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, પંજાબમાં આતંકવાદનો અંત આવી ગયા બાદ અહીં પણ રક્તપાતનો અંત આવશે જ. કેન્દ્ર સરકાર આના માટે કટિબદ્ધ છે. મોદીએ દાંતેવાડામાં રેલીમાં શું કહ્યું તે નીચે મુજબ છે.

- કેન્દ્ર અને રાજ્ય બંનેમાં ભાજપ સરકાર હોવાથી બસ્તર પ્રદેશમાં સામાજિક અને આર્થિક વિકાસ માટે કટિબદ્ધ છીએ
- બે નવા પ્રોજેક્ટો પ્રદેશનો ચહેરો બિલકુલ બદલાઈ જશે
- પ્રદેશમાં ૨૪૦૦૦ કરોડના મૂડીરોકાણની પ્રક્રિયા શરૂ થઈ છે
- હજારો યુવાનોને ઘરની નજીક રોજગારીની તકો મળી જશે
- નોકરી મેળવવા ઈચ્છુક લોકોની અપેક્ષાઓ પરિપૂર્ણ થશે
- પરિવારની સ્થિર આવક થશે જેથી તેમની સ્થિતિમાં સુધારો થશે
- માઓવાદી અને નક્સલી હિંસાનો વહેલીતકે અંત આવશે
- યુપીએ સરકાર દરમિયાન પોલીસી પેરાલીસીસની ચર્ચા હતી પરંતુ હવે કોઈ સ્થિતિ નથી
- સરકાર ખુબ જ ઝડપથી નિર્ણય લઈ રહી છે
- પ્રદેશમાં ૨૪૦૦૦ કરોડના રોકાણની બાબત ઐતિહાસિક બનશે
- મેગા સ્ટીલ પ્લાન્ટની સ્થાપનાથી સ્વદેશી સ્ટીલ ઉત્પાદન શક્ય બનશે
- આયર્ન ઓરની નિકાસ કરીને સ્ટીલ મેળવવામાં આવે છે જે ખુબ જ આશ્ચર્યજનક બાબત છે
- છત્તીસગઢ દેશના સૌથી ઝડપથી વિકસતા રાજ્ય બની શકે છે
- કૌભાંડ અને ભ્રષ્ટાચારની સ્ટોરીથી એક વર્ષ અગાઉ અખબારો ભરેલા રહેતા હતા પરંતુ હવે છેલ્લા એક વર્ષમાં આવા કોઈ અહેવાલ આવ્યા નથી
- ઈમાનદારી સાથે પણ સરકાર ચલાવી શકાય છે તે બાબત અમે સાબિત કરી છે
- એજ્યુકેશન સિટીમાં બાળકો સાથે વાત કરતા મોદીએ કહ્યું કે, લોકો માટે કામ કરતી વેળા ક્યારેય થાકનો અનુભવ થતો નથી

# રાહુલ પબ્લિસીટી મેળવવા માટે પ્રયાસ કરે છે : પારીકર

નવીદિલ્હી,તા. ૯

અમેઠીમાં મેગા ફુડ પાર્ક પ્રોજેક્ટને રદ કરવાને લઈને લોકસભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહાર કર્યા બાદ કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીની આજે જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. સંરક્ષણ મંત્રી મનોહર પારીકરે કહ્યું હતું કે, રાહુલ ગાંધી માત્ર લોકપ્રિયતા મેળવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. જવાબદારી દેખાઈ રહી નથી.

એક જવાબદાર નેતાની જેમ તેઓ વર્તન કરી રહ્યા નથી. પારીકરે કહ્યુંહતુંકે, ફુડ પાર્ક માટે કોઈ કંપની આગળ આવી ન હતી. એક કાર્યક્રમમાં બોલતા પારીકરે રાહુલ ગાંધીને બિનજવાબદારીપૂર્વકના નેતા ગણાવ્યા હતા. પીઆર ઈમેજ અને પબ્લિક ઈમેજ વચ્ચે ખુબ અંતર છે. રાહુલ ગાંધી પબ્લિશીટી મેળવવા માટે કંઈપણ કરવા ઈચ્છુક છે. કોઈપણ કંપની અમેઠીમાં ફુડ પાર્ક માટે આગળ આવી ન હતી. જો રાહુલ ગાંધી કોઈ કંપની લાવશે તો અમે ચોક્કસપણે ટેકો આપીશું. કોંગ્રેસ ઉપર વધુ પ્રહાર કરતા પારીકરે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ કોરવા ખાતે શસ્ત્ર ભંડાર ફેક્ટરીના નામે ૨૧૮ કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા પરંતુ આજની તારીખ સુધી કોઈપણ હથિયારોનું ઉત્પાદન કરવામાં આવ્યું નથી. પારીકરના સૂચનને ટેકો આપતા ભાજપના નેતા સમ્બીત પાત્રાએ કહ્યુંહતુંકે, ચર્ચા દરમિયાન રાહુલ ગાંધી કોઈપણ તૈયારી વગર આવે છે. ફુડ પાર્ક યુપીએ સરકારના નિર્ણયના કારણે બંધ કરાયો હતો. દરમિયાન કોંગ્રેસના ગૌરવ ગોગોઈએ કહ્યુંછે કે, ભાજપના નેતાઓ માર્કેટિંગ પોલિસી અપનાવી રહ્યા છે. સંરક્ષણ મંત્રીએ રાહુલ ઉપર આ પ્રશ્નો કરવા જોઈએ નહીં. તેઓ અંગત પ્રહાર કરી રહ્યા છે. ભાજપના નેતાઓ માર્કેટિંગ કરી રહ્યા છે. કામ કરી રહ્યા નથી. રાહુલ ગાંધીએ હાલમાં જ ફુડ પાર્કનો મુદ્દો ઉઠાવ્યો હતો.

## વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૩ મિલિયન ટન

# ૧૮૦૦૦ કરોડના ખર્ચથી અલ્ટ્રા મેગા સ્ટીલ પ્લાન્ટ

દાંતેવાડા,તા. ૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નક્સલવાદી હિંસાના વોરઝોન ગણાતા બસ્તરની યાત્રા દરમિયાન કેટલાક એમઓયુ થયા હતા. અલ્ટ્રા મેગા સ્ટીલ પ્લાન્ટ પ્રોજેક્ટ માટે એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવતા બસ્તર ડિવિઝનલ હેડક્વાર્ટર્સથી ૩૫ કિલોમીટરના અંતરે સ્થિત દિલમીલી ખાતે પ્લાન્ટ સ્થાપિત કરવા માટે માર્ગ મોકળો થશે. આ પ્લાન્ટની પ્રતિ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૩ મિલિયન ટન અથવા ૩૦ લાખ ટનની રહેશે. સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા અને નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન દ્વારા ૧૮૦૦૦ કરોડના ખર્ચે આ પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટથી પ્રદેશના ૧૦૦૦૦થી વધુ લોકોને સીધીરીતે અથવા તો પરોક્ષરીતે રોજગારી મળશે. આ ઉપરાંત અન્ય નાના ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળશે. બીજી બાજુ રાવઘાટ-જગદલપુર લાઈનના વિસ્તરણથી બસ્તર પ્રદેશને રાજ્યના મહત્વપૂર્ણ શહેરો સાથે જોડી દેવામાં આવશે જેમાં રાયપુર, વિલાસપુર અને દુર્ગનો સમાવેશ થાય છે. દેશના અન્ય ભાગ સાથે પણ આને જોડી દેવામાં આવશે. શિક્ષણ, આરોગ્ય અને વેપારના ક્ષેત્રોમાં બસ્તરના લોકોને આનાથી તક મળશે. પ્રદેશમાંથી આયર્ન ઓરના સરળરીતે પરિવહન માટેનો માર્ગ પણ મોકળો થશે. બસ્તર પ્રદેશમાં વિકાસની ગતિવિધિ છેલ્લા ઘણા સમયથી હાથ ધરી શકાય નથી.

### બે નવા પ્રોજેક્ટ શું છે...

દાંતેવાડા, તા. ૯

અલ્ટ્રા મેગા સ્ટીલ પ્રોજેક્ટ

- બસ્તર ડિવિઝનલ હેડક્વાર્ટરથી ૩૫ કિમીના અંતરે દિલમિલી ખાતે પ્લાન્ટ સ્થાપિત થશે
- પ્લાન્ટમાં પ્રતિ વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૩૦ લાખ ટનની
- ૧૮૦૦૦ કરોડના ખર્ચે પ્લાન્ટ સ્થાપિત થશે
- સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા અને નેશનલ મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન પ્લાન્ટ સ્થાપશે
- પ્રોજેકટથી પ્રદેશના ૧૦ હજાર લોકોને પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે રોજગારી મળશે

રાવઘાટ-જગદલપુર લાઈન

- રાવઘાટ-જગદલપુર લાઈનના એક્સટેન્શનથી તમામને ફાયદો
- એક્સટેન્શનથી બસ્તર પ્રદેશને રાજ્યના રાયપુર, વિલાસપુર અને દુર્ગ જેવા મહત્વપૂર્ણ શહેર સાથે જોડી શકાશે
- બસ્તર પ્રદેશને દેશના અન્ય ભાગો સાથે જોડી શકાશે
- બસ્તરના નિવાસીઓને શિક્ષણ, આરોગ્ય અને વેપારના ક્ષેત્રમાં નવી તકો મળશે
- પ્રદેશમાંથી આયર્ન ઓરના પરિવહનને સરળતા મળશે

# પદ્મ એવોર્ડ માટે જોરદાર લોબી ચાલે છે : રામદેવ

નવીદિલ્હી,તા. ૯

યોગગુરુ બાબા રામદેવે આજે ફરી એકવાર વિવાદાસ્પદ નિવેદન કરીને વિવાદ છેડી દીધો હતો. રામદેવે કહ્યું હતું કે, રામદેવે કહ્યું હતું કે, રાષ્ટ્રીય એવોર્ડ મેળવવા માટે પરડા પાછળ ઘણી બધી રમત રમાય છે.



રાજકીય રીતે પ્રભુત્વ ધરાવતા લોકો પદ્મ એવોર્ડ જીતવા માટે જોરદાર લોબી ચલાવે છે. એક કાર્યક્રમના ભાગરુપે પત્રકારો સાથે વાતચીત કરતા રામદેવે કહ્યું હતું કે, પદ્મ એવોર્ડ મેળવી ચુકેલા લોકો માટે તેઓ ખુબ સન્માન ધરાવે છે. તમામ લોકો જાણે છે કે, પદ્મભૂષણથી લઈને પદ્મશ્રી સુધીના એવોર્ડ સારા લોકોને આપવામાં આવે છે. પરંતુ આ એવોર્ડ મેળવવા માટે રાજકીયરીતે પ્રભુત્વ ધરાવતા લોકો પણ લોબી ચલાવે છે. આ વર્ષની શરૂઆતમાં રામદેવ અને શ્રીશ્રી રવિશંકરે તેમના માટે પદ્મએવોર્ડનો ઈન્કાર કરી લીધો હતો. આ સમ્માન માટે સરકાર દ્વારા વારંવાર વિચારણા કરવામાં આવ્યા બાદ તેઓએ એવોર્ડનો ઈન્કાર કર્યો હતો. રામદેવે કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહને પત્ર લખીને મિડિયા અહેવાલનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, સરકાર પદ્મવિભૂષણ માટે તેમના નામની વિચારણા કરે છે પરંતુ તેઓ આ સમ્માન મેળવવા ઈચ્છુક નથી. બાબા રામદેવે ગૃહમંત્રીને આ એવોર્ડ માટે અન્ય કોઈ વધુ સારા લોકોની પસંદગી કરવા કહ્યું હતું.

# કાશ્મીરમાં ત્રાસવાદીઓનો ગ્રેનેડ હુમલો : ૧૪ ઘાયલ

શ્રીનગર,તા. ૯

દક્ષિણ કાશ્મીરના સોપિયન જિલ્લામાં વ્યસ્ત રહેતા બજારમાં ત્રાસવાદીઓ દ્વારા ઝીંકવામાં આવેલા ગ્રેનેડમાં ૧૪ લોકો ઘાયલ થયા છે જે પૈકી બે માસૂમ બાળકીનો સમાવેશ થાય છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે, શ્રીનગરથી ૫૨ કિલોમીટરના અંતરે સોપિયનના મુખ્ય બજારમાં પોલીસ ટુકડી ઉપર ગ્રેનેડ ઝીંકવામાં આવ્યો હતો. જો કે, આ ગ્રેનેડ ટાર્ગેટ ચુકી જતાં ભરચક વિસ્તારમાં પડ્યો હતો જેમાં ૧૪ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલાઓમાં બે માસૂમ બાળકીનો સમાવેશ થાય છે. તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. આ હુમલાથી સાબિત થાય છે કે, જમ્મુ કાશ્મીરમાં હજુ પણ મોટા પાયે આતંકવાદીઓ સક્રિય થયેલા છે.

# મુસ્લિમ હોવાથી સલમાનને જામીન મળ્યા : સાધ્વી પ્રાચી

નવી દિલ્હી,તા. ૯

ઉત્તરપ્રદેશમાં ભાજપના ટોચના નેતાઓ પૈકીની એક સાધ્વી પ્રાચીએ આજે એમ કહીને ચર્ચા જગાવી દીધી હતી કે, સલમાન ખાન મુસ્લિમ છે



જેના કારણે તેને જામીન મળી ગયા છે. હિટ એન્ડ રન કેસમાં સલમાન ખાનને જામીન મળ્યા બાદ આ અંગેની પ્રતિક્રિયા આવી છે. સાધ્વી પ્રાચીને ભૂતકાળમાં પણ ભાજપના નેતાઓએ નિવેદન કરતી વેળા સાવચેતી રાખવા અને વિવાદાસ્પદ નિવેદન ન કરવા કહ્યું હતું પરંતુ સાધ્વી પ્રાચીએ ફરી એકવાર આ નિવેદન કરીને ભાજપ માટે મોટી સમસ્યા ઉભી કરી દીધી છે. મુંબઈ હાઈકોર્ટે શુક્રવારના દિવસે સલમાન ખાનની સજાને સસ્પેન્ડ કરી હતી અને તેને જામીન આપી દીધા હતા. બોલીવુડના સુપર સ્ટારને જામીન મળતા લોકોએ રાહત અનુભવી હતી પરંતુ સાધ્વી પ્રાચીએ આ નિવેદન કરીને ચર્ચા જગાવી દીધી છે. સાધ્વી પ્રાચીએ આ વર્ષની શરૂઆતમાં પણ વિહિપના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, હિન્દુ મહિલાઓએ ચાર બાળકોને જન્મ આપવા જોઈએ. બદયોન ખાતે આયોજિત એક કાર્યક્રમમાં સાધ્વી પ્રાચીએ આ મુજબની વાત કરી હતી.

## કર્ણાટક હાઇકોર્ટ ૧૧મીએ ચુકાદો જાહેર કરશે

# સંપત્તિ કેસમાં જયલલિતાની અરજી પર સોમવારે ચુકાદો

બેંગલોર,તા. ૯

તમિળનાડુના પૂર્વ મુખ્યપ્રધાન જયલલિતા અને અન્ય ત્રણ લોકો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર કર્ણાટક હાઈકોર્ટ દ્વારા ૧૧મી મેના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. સમગ્ર દેશને હચમચાવી મુકનાર અપ્રમાણ સંપત્તિ કેસમાં ટ્રાયલ કોર્ટ દ્વારા તમામને અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ જયલલિતા અને અન્ય ત્રણ દ્વારા કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. ટ્રાયલ કોર્ટના ચુકાદાને પડકાર ફેંકીને કરવામાં આવેલી અરજી પર હવે ચુકાદાને લઈને તમામમાં ચર્ચા છે. જસ્ટીસ સીઆર કુમારસ્વામીની સ્પેશિયલ વેકેશન સિંગલ બેન્ચ દ્વારા સુનાવણી કરવામાં આવનાર છે. હાઈકોર્ટના નોટિફિકેશનમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે. ખાસ અદાલતના જજ જહોન માઈકલ ડી કુનહાએ ૨૭મી સપ્ટેમ્બરના દિવસે જયલલિતાને આવકના તેમના જાણિતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ એકત્રિત કરવાના મામલામાં દોષિત ઠેરવીને ચાર વર્ષની આકરી જેલની સજા ફટકારી હતી. આ ઉપરાંત જયલલિતા ઉપર ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો. આ સજાની સાથે જ જયલલિતાની મુખ્યમંત્રી તરીકેનો હોદ્દો પણ જતો રહ્યો હતો. જયલલિતાને સીધીરીતે જેલમાં લઈ જવામાં આવ્યા હતા.આ ચુકાદાને પડકાર ફેંકીને ચાર દ્વારા હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ખાસ બેંચની રચના કરવામાં આવી હતી. ગયા વર્ષે ૧૮મી ડિસેમ્બરના દિવસે જયલલિલાને જામીન આપી દેવામાં આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે એ વખતે ત્રણ મહિનાની અંદર અપીલ અંગે નિર્ણય કરવા હાઈકોર્ટને આદેશ કર્યો હતો. જસ્ટીસ કુમારસ્વામીએ અપીલ પર સુનાવણી કરી હતી. ૧૧મી માર્ચ સુધી ચુકાદો અનામત રાખ્યો હતો.

# આઘાતમાંથી બહાર નિકળવા ૨૦ સાઈ એથ્લિટ રજા ઉપર

અલાપફુઝા,તા. ૯


સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સેન્ટર તાજેતરમાં જ બનેલા બનાવના કારણે હજુ પણ મોટાભાગના એથ્લિટો આઘાતમાંથી બહાર આવ્યા નથી. ચાર મહિલા એથ્લિટો દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવ્યા બાદ તથા એક એથ્લિટનું મોત થયા બાદ એથ્લિટો આઘાતમાં ગરકાવ છે.

૨૦ સાઈ એથ્લિટોએ હવે મુશ્કેલીમાંથી બહાર નિકળવા માટે રજા લઈ લીધી છે. સાઈના અધિકારીએ માહિતી આપતા કહ્યું હતું કે, ૨૦ એથ્લિટો દ્વારા રજા લેવામાં આવી છે જ્યારે અન્ય ૧૨ મહિના એથ્લિટો દ્વારા પણ રજા ઉપર ઉતરી જવા માટે પરવાનગી માંગી છે. હાલ જે લોકોને રજા અપાઈ છે જેમાં તમામ ૨૦ યુવાનો છે. મહિલા એથ્લિટોને રજા મંજુર કરાઈ નથી. ગઈકાલે કેમ્પસની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા દ્વારા સાઈના ડિરેક્ટર જનરલ શ્રીનિવાસને વિનંતી કરી હતી કે, બનાવના આઘાતમાંથી બહાર નિકળવા તેમને થોડાક સમય આરામની જરૂર છે. આ સપ્તાહની શરૂઆતમાં અહીં આઘાતજનક બનાવ બન્યો હતો જ્યારે ચાર મહિલા એથ્લિટોએ આપઘાતનો પ્રયાસ કર્યો હતો જે પૈકી એક અર્પણાનું મોત થયું હતું જ્યારે અન્ય ત્રણ હજુ પણ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઝેર ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કરાયો હતો. સાઈ સેન્ટરમાં સિનિયરો દ્વારા તેમની સાથે છેડતી કરવામાં આવ્યા બાદ આ બનાવ બન્યો હતો. ચાર મહિલા એથ્લિટો વોટર સ્પોટ્ર્સ સેન્ટરમાં સારવાર હેઠળ છે. બીજી દ્વારા ૨૦ એથ્લિટોને રજા આપી દેવામાં આવી છે પરંતુ આગામી શુક્રવાર સુધી ફરી હાજર થઈ જવા માટે કહેવામાં આવ્યું છે. ડીજીનું કહેવુંછે કે, દહેશતમાં રહીને અને કટોકટીથી ભાગવા માટે કોઈ કારણ નથી.

# મુંબઇ તેમજ બેંગ્લોર વચ્ચે આજે જોરદાર જંગ ખેલાશે

મુંબઈ,તા. ૯

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે આવતીકાલે રવિવારે મુંબઈ ઈન્ડિયન અને બેંગલોર વચ્ચે રોમાંચક જંગ ખેલાય તેવી શક્યતા છે. બન્ને ટીમો જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. એકબાજુ રોહિત શર્માના નેતૃત્વમાં મુંબઈની ટીમે છેલ્લે સૌથી શક્તિશાળી ચેન્નાઈ પર જીત મેળવતા તેનો જુસ્સો વધી ગયો છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ટીમમાં ક્રિસ ગેઈલ, ડિવિલિયર્સ જેવા ધરખમ ખેલાડી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીની કેપ્ટનશીપની પણ પ્રશંસા કરવામાં આવી છે. બન્નેની આકરી કસોટી ફરી આવતીકાલે થનાર છે. આ મેચનુ પ્રસારણ ચાર વાગ્યાથી કરવામાં આવનાર છે. ઘરઆંગણે મુંબઈની ટીમને તક રહેલી છે. પરંતુ ગેઈલ અને ડિવિલિયર્સ ધરખમ ફોર્મ મેળવી ચુક્યા છે. બન્ને ટીમ નીચે મુજબ છે. મુંબઈ ઈન્ડિયન : રોહિત શર્મા




(સુકાની), રાયડુ, પાર્થિવ પટેલ, આદિત્ય તારે, હરભજનસિંહ, વિનય કુમાર, જસપ્રિત, પવન સુજાલ, શ્રેયાસ ગોપાલ, પ્રજ્ઞાન ઓઝા, અભિમન્યુ મિથુન, અક્ષય વખારે, નીતિશ રાણા, સિદ્ધેશ લાડ, હાર્દિક પંડ્યા, સુચિત, ઉન્મુક્ત ચાંદ માલિંગા, પોલાર્ડ, કોરી એન્ડરસન, હેઝલવુડ, ડિલેન્ગ, લેન્ડલ સિમન્સ, આરોન ફિન્ચ, મેકલાઘન, બ્લીઝાડ

બેંગલોર : રોહિત કોહલી (સુકાની),દિનેશ ક્રાતિક, બર્દીનાથ, વિજય ઝોલ, માનવિન્દર બિસ્લા, વરુણ આરોન, અશોક ડીંડા, હર્ષલ પટેલ, અબુનેચિવ, સંદીપ વરિયર, યોગેશ તકવાલે, યુજવેન્દર ચહલ, ઈકબાલ અબ્દુલ્લા, મનદિપસિંહ, સરફરાજ ખાન, જલજ સક્સેના, સીસી ભાવનેડિવિલિયર્સ, ક્રિસ ગેઈલ, મિચેલ સ્ટાર્ક, મેડિસન, રોસવો, સમ્મી, સિન એબોર્ટ, મિલાઈન, ડેવિડ વાઈસ

# ભારત બિલકુલ સુરક્ષિત છે અને રહેશે : રાજનાથસિંહ

નવી દિલ્હી,તા. ૯

ભારતીય સેનામાં દારુગોળાના જતન અને મેનેજમેન્ટના મામલામાં સંરક્ષણ મંત્રાલયની કેગના અહેવાલની જોરદાર ઝાટકણી કાઢવામાં આવ્યા બાદ આ અહેવાલને વધારે મહત્વ આપ્યાવગર કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, ભારત બિલકુલ સુરક્ષિત છે અને સુરક્ષિત રહેશે. સિંહે કહ્યું હતું કે, દરેક બાબતમાં ધ્યાન આપવામાં આવ્યું છે. કેગના અહેવાલમાં પણ વધુ ધ્યાન આપવામાં આવશે. અહેવાલમાં ગંભીર પ્રકારની ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. સંરક્ષણ સેના [redacted] ગોળાને [redacted] વાલો [redacted]. મોટી સંખ્યામાં દારુગોળો એવો છે જેમાં રિપેર કામગીરી હાથ ધરવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કેગે હાલમાં ઘટસ્ફોટ કર્યો છે કે, ભારતીય સેનાની પાસે માત્ર ૧૫-૨૦ દિવસ સુધી યુદ્ધ લડી શકાય તેટલા પ્રમાણમાં જ દારૂગોળાનો જથ્થો રહેલો છે. એટુલ જ નહી બલ્કે છેલ્લા ૩૦ વર્ષથી બની રહેલા સ્વદેશી જેટ યુદ્ધ વિમાન પણ યુદ્ધની સ્થિતી હોવામાં અસરકારક નથી. તેજસ વિમાન પણ યુદ્ધ માટે તૈયાર નથી. કેગના અહેવાલથી સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે. દારૂગોળાનો જથ્થો પુરતા પ્રમાણમાં નહી હોવાથી આશરે ૧૨ લાખ ભૂમિ સેનિકોની ઈમરજન્સી તૈયારી પર માઠી અસર કરે છે. તેજસમાં પણ આવી રહેલી સમસ્યાથી નવી તકલીફ ઉભી થઈ ગઈ છે. કન્ટ્રોલર એન્ડ



ઓડિટર જનરલ ઓફ ઈન્ડિયા (કેગ)ના અહેવાલમાં તેજસની કાર્યક્ષમતા સામે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. સંસ્થાએ કહ્યું છે કે તેજસમાં ૩૫ ટકા સ્વદેશી ટેકનીક છે અને આ આશરે ૫૩ ટકા જરૂરી ટેકનોલોજીની જરૂરીયાતને પૂર્ણ કરતુ નથી. આ તમામ જટિલ કારણોસર યુદ્ધની સ્થિતીમાં તેની ઉપયોગિતા પર પ્રશ્ન ઉભા થાય છે.સીએજીના કહેવા પ્રમાણે ભૂમિ સેનાની પાસે યુદ્ધની સ્થિતીમાં ઓછામાં ઓછા ૪૦ દિવસ સુધી ચાલે તેટલા પ્રમાણમાં યુદ્ધ સામગ્રી હોવી જરૂરી છે. પરંતુ ભારતીય સેનાની પાસે માત્ર ૧૫-૨૦ દિવસ સુધી ચાલે તેટલા પ્રમાણમાં જ દારૂગોળો છે. જે ચિંતા ઉપજાવે છે. કેગના અહેવાલમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે તેની માઠી અસર સેનાની ઓપરેશનલ તૈયારી અને ટ્રેનિંગ પર થાય છે. માર્ચ ૨૦૧૩માં પોતાના અહેવાલમાં સીએજી અથવા તો કેગે કહ્યું હતું કે ૧૭૦ પૈકી ૧૨૫ જુદા જુદા પ્રકારના દારૂગોળા ૨૦ દિન સુધી ચાલે તે પુરતા પ્રમાણમાં નથી. આની સાથે આ પ્રકારના દારૂગોળામાંથી ૫૦ ટકા તો ૧૦ અથવા તો તેનાથી પણ ઓછા સમય સુધી ચાલે તેવા છે. ત્યારથી લઈને હજુ સુધી સ્થિતીમાં કોઈ ફેરફાર થયો નથી. કેન્દ્રમાં નવી સરકાર આવી હોવા છતાં સ્થિતી બદલાઈ નથી. તપાસ દર્શાવે છે કે જરૂરી ૪૦ દિવસ સુધી યુદ્ધ સામગ્રી રિઝર્વ હોવાની વાત ૨૦૧૯ સુધી જ શક્ય બની શકે છે. કેગે તેના અહેવાલમાં સંરક્ષણ મંત્રાલય અને ઓર્ડિનન્સ ફેક્ટરી બોર્ડની કામ કરવાની રીત સામે પણ પ્રશ્નો ઉઠાવ્યા છે.